ગુંડાઓ ગુજરાત છોડે : રૂપાણીનો રણટંકાર

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં જાહેર શાંતિ-સલામતિ અને અવિરત વિકાસમાં રૂકાવટ ઊભી કરનારા ગુંડા તત્વોને સ્પષ્ટ ચેતવણી આપી છે કે આવનારા દિવસોમાં આવા તત્વોએ ગુંડા ગર્દી છોડવી પડશે અથવા ગુજરાત છોડવું પડશે.

મંત્રીમંડળની આગામી બેઠકમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં ગુંડા વિરોધી કડક કાયદા માટે 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એકટીવિટીઝ (પ્રિવેન્શન) એકટક્ષ-ઓર્ડિનન્સ બહાર પાડવા માટેનો પ્રસ્તાવ રજુ કરવાનો નિર્ધાર કર્યો છે.

મુખ્યમંત્રીશ્રી વિકાસની હરણફાળ ભરીને સર્વાંગી પ્રગતિ દ્વારા ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતના નિર્માણની નેમમાં કાયદો વ્યવસ્થાની સુચારૂ સ્થિતી જળવાઈ રહે તે હેતુસર આ ઓર્ડિનન્સની દરખાસ્ત આગામી મંત્રીમંડળની બેઠકમાં રજુ કરવાના છે.

મુખ્યમંત્રીશ્રીના કુશાગ્ર નેતૃત્વમાં ગુજરાત વિકાસનું રોલ મોડેલ દેશ અને દુનિયા માટે બન્યું છે ત્યારે શાંતિ, સલામતિ અને સમૃદ્ધિ સાથે વિકાસની ગતિ વધુ વેગવંતી બનાવવામાં આ વટહુકમ નવું પ્રેરક બળ બનશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં ગેરકાયદે જમીન પચાવી પાડનારા તત્વો-ભૂમાફિયાઓ-જુગાર-દારૂની પ્રવૃત્તિ કરનારાઓ સહિતના અસામાજીક તત્વોને સપ્ત નશ્યત કરવા 'પાસા' એકટમાં સુધારો કરવાનો તાજેતરમાં જ નિર્ણય કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભ્રષ્ટાચાર વિરૂદ્ધ સંગ્રામ માંડતા એન્ટીકરપ્શનની કામગીરીને વધુ ધારદાર બનાવી છે. એ.સી.બી.ને આધુનિક ટેકલોલોજીના ઉપયોગથી ભ્રષ્ટ અધિકારી/કર્મચારીઓ સામે કામ ચલાવવા વ્યાપક સત્તાઓ આપી છે. ભ્રષ્ટ અધિકારીઓ/કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

બીજી તરફ ગૌવંશ હત્યા વિરુદ્ધનો અતિ સપ્ત કાનૂન પણ તેમણે અમલી બનાવ્યો છે. આમ ગુંડા તત્વો, જમીન કૌભાંડકારો-ભૂમાફિયાઓ, ગૌવંશના હત્યારા સહિત દરેક અસામાજિક તત્વોને દશે દિશાએથી ભિડવવાનો અભિગમ મુખ્યમંત્રીશ્રીએ કાયદાઓના કડક અમલીકરણથી અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી આ 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એકટીવિટીઝ (પ્રિવેન્શન) એકટક્ષ-ઓર્ડિનન્સનો અમલ કરાવીને રાજ્યમાં જે ગુંડા તત્વો નિર્દોષ નાગરિકોને રંજાડે છે તેવા માથાભારે લોકો સામે પણ કાનૂની સકંજો કસી ગુજરાતને અપરાધમુકત, સલામત-સુરક્ષિત અને સમૃદ્ધ બનાવી ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવા સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં જાહેર જનજીવન અને કાયદો વ્યવસ્થાને ખલેલ પહોચાડી વિકાસમાં બાધક બનતા ગુંડા તત્વો પર કાયદાકીય સકંજો વધુ સપ્તાઈથી કસવા આ વટહુકમમાં કેટલીક કડક જોગવાઈઓ દાખલ કરવાનો દ્રઢનિર્ધાર કર્યો છે.

રાજયમાં દારૂનો વેપાર, જુગાર, ગાયોની કતલ, નશાનો વેપાર, અનૈતિક વેપાર, માનવ વેપાર, બાળકોની જાતિય સતામણી, બનાવટી દવાનું વેચાણ, લોન શાર્ક (વ્યાજ ખોર), જમીન છીનવી લેવી, અપહરણ, ગેરકાયદે કૃત્યો, ગેરકાયદેસરના હથિયારો વગેરે જેવી અસામાજિક પ્રવૃતિઓ આચરતા ગુંડા તત્વો સામે કડક કાયદાકીય જોગવાઈ ઉભી કરવાના હેતુથી નવા અલગ કાયદાની આ દરખાસ્ત કરવામાં આવી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આરોગ્ય કમિશનરની કચેરી જ કોરોના માટે સંવેદનશીલ બની ઉભરી રહી છે.
- આજે મંગળવારના દિવસે જ સચિવાલયના સ્વર્ણિમ સંકુલ પાસે મુકાયેલ સેનીટાઈઝેશનની ટનલ બંધ હતી અને ટેમ્પરેચર ગનથી મુલાકાતીઓના ટેમ્પરેચર મપાતા હતા.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદોનું પ્રમાણ વધવા પામ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધતા જતા કેસો અંગે ૩૦૦ વ્યક્તીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

સે. ૨૯માં વંદેમાતરમ્ પાર્ક-૨ની નવી કારોબારીની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના સેક્ટર-૨૯ અને વંદે માતરમ્ પાર્ક-૨ સોસાયટીની નવી કારોબારીના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે જે અંતર્ગત પ્રમુખપદે ધર્મેન્દ્રસિંહ ઝાલા, ઉપપ્રમુખપદે ઈન્દ્રજીતસિંહ પરમાર, મંત્રી પદે કિરીટસિંહ વાઘેલા અને મહામંત્રી પદે અંકુશ પાટીલની વરણી કરવામાં આવી છે.

વંદે માતરમ્ પાર્ક-૨ ની નવી કારોબારીની રચનામાં સંગઠન મંત્રી પદે ફકીરભાઈ, ખજાનચી પદે ભૂપેન્દ્રભાઈ ગરાસીયાની નિમણૂંક કરવામાં આવી છે. આ પ્રસંગે સોસાયટીની અગાઉની કારોબારી સમિતિઓના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા અને જેમાં પૂર્વ પ્રમુખ નરેન્દ્રસિંહ વાઘેલા તથા ધીરૂભા ઝાલા, નવલસિંહ પરમાર, રાજેન્દ્રસિંહ સગર, અશ્વિનભાઈ દેસાઈ, કલ્પેશ પંડ્યા, ભૂપતભાઈ કલસરિયા, યોગેન્દ્રભાઈ, હરિસિંહ ચાવડા વગેરેએ નવનિયુક્ત હોદ્દેદારો તથા વસાહતીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

'૧૦૦૮' લાડુના પ્રસાદ દ્વારા ગણપતિનુ પુજન

સેકટર -૫-એ ખાતે કોરોના ની પરિસ્થિતિ ને અનુલક્ષી આ વખતે સામુહિક ગણેશ પૂજન ની જગ્યા એ નિરૂબેન નાયક દ્વારા માટીના ગણપતિ બનાવી તેમના ઘરે સ્થાપન કરી તમામ દિવસો દરમિયાન ભક્તિ ભાવથી પુજન કરવામાં આવેલ. આજ રોજ નિરૂબેન નાયક દ્વારા ૧૦૦૮ લાડુ નો પૂજનવિધિ સાથે પ્રસાદ અર્પણ કરી ભક્તિ ભાવથી ગણપતિ બાપા મોરિયા ને વિદાય કરવામાં આવી હતી અને આ કોરોના રોગચાળા માંથી લોકો ને જલ્દી મુક્તિ મળે એ માટે પ્રાર્થના કરવામાં આવી હતી..

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડેડી, મને તો લાગે છે કે કોરોના ટેસ્ટ કરાવવાથી જ થાય છે...

ભાટ પાસે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર-ઈન્દીરાબ્રિજ માર્ગ પર ભાટ પાસે કારમાંથી વિદેશી દારૂની ૧૦ પેટી અડાલજ પોલીસે ઝડપી પાડી છે. પોલીસે રૂ.૫૪,૬૦૦ નો ૧૨૦બોટલ દારૂ, રૂ.૩ લાખની કાર અને એક મોબાઈલ મળી કુલ રૂ.૩,૫૫,૧૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી યુવક સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ પીઆઈ ડી.એ.ચૌધરીને દારૂની હેરફેર અંગે બાતમી મળી હતી. જેને પગલે અડલાજ પોલીસે ભાટ માલધારી ચોકડી પાસે જી.જે.૦૭.બી.બી.-૧૫૭૭ નંબરની કાર ઝડપી પાડી હતી. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂની ૧૦ પેટી મળી આવી હતી. પોલીસે કાર ચાલકનું નામ પુછતા તે ભાટ ગામનો જ દશરથ દલસંગજી ઠાકોર હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે પોલીસે રૂ. ૫૪,૬૦૦ની કિંમતનો દારૂનો જથ્થો તેમજ રૂ.૩ લાખની કાર અને એક ફોન મળી કુલ રૂ.૩.૫૫.૧૦૦ કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી દારુ કયાંથી લાવ્યો હતો અને કયાં આપવાનો હતો તેમજ અન્ય કોઈ આ ગુનામા સામેલ છે કે કેમ તે માટે આગળની તપાસ હાથ ધરી છે.

રોટરી કલબ ઓફ ગાંધીનગરના પદાધિકારીઓનો શપથવિધિ સમારોહ

ગાંધીનગર, તા. ૧

રોટરી કલબ ઓફ ગાંધીનગરનો ૩૫મો સપથવિધિ સમારોહ ઓનલાઈન અને ઓફલાઈન યોજાયો હતો. આ પ્રસંગે રોટરીના સભ્યો, બોર્ડ મેમ્બર્સ, પરિવારજનો, આમંત્રિત મહેમાનો, રોટ્રેક્ટસના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કોવિડ-૧૯ની સ્થિતિ અને નિયમોને ધ્યાનમાં રાખી યોજાયો હતો. રોટરી વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રમુખપદે વ્યવસાયે કંપની સેક્રેટરી તરીકે કાર્યરત એવા કુલદીપ જૈન અને સેક્રેટરી તરીકે પ્રોફેસર નિતિન પાદરીયાની વરણી કરવામાં આવી હતી સાથે નવા જોડાયેલ સભ્યો અને નવા બોર્ડ મેમ્બર્સે શપથગ્રહણ કર્યા હતા.

શપથવિધિ સમારોહમાં ઈસ્ટોલેશન ઓફિસર તરીકે ડિસ્ટ્રીક્ટ-૩૦૫૪ પી.ડી.જી. લલિત શર્મા, ઈન્ડકશન ઓફિસર તરીકે પૂર્વ આસિસ્ટન્ટ ગવર્નર રોટે. ઉર્મિલ વેદ, કલબ ટ્રેનર રોટે. કિરણ પટેલ અને અન્ય પદાધિકારીઓ

ઉપસ્થિત રહી પ્રેરણા પુરી પાડી હતી. કાર્યક્રમમાં પૂર્વ પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું સાથે વર્ષ ૨૦૧૮-૧૯ના કાર્યોને રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો. નવનિયુક્ત ટીમ વતી નવા પ્રમુખ કુલદીપ જૈન દ્વારા આવનાર વર્ષ માટેના સમાજ ઉત્કર્ષના કાર્યોનું પ્રોજેક્ટ્શન કર્યુ હતુ અને નિતિન પાદરીયા દ્વારા આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રોટે. નીના ગણેશન દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં ૨૪ કલાક દુકાનો ખુલ્લી રહેશે

બાગ બગીચા-તમામ ધાર્મિક સ્થાનો ખુલ્લા રાખી શકાશે અને હોટલ, રેસ્ટોરન્ટ રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રહેશે

ગાંધીનગર, તા. ૧

કોરોનાને કારણે લાગુ કરેલા લોકડાઉન બાદ હવે ધીરે ધીરે અનલોક તરફ સરકાર આગળ વધી રહી છે. આજે ગુજરાત સરકારે અનલોક ૪ની ગાઈડલાઈન જાહેર કરી છે. જે મુજબ હવેથી રાજયના તમામ શહેરોમાં ૨૪ કલાક દુકાનો ખુલ્લી રાખી શકાશે આ ઉપરાંત હોટલ અને રેસ્ટોરન્ટ ગાઈડલાઈનના પાલન સાથે રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે.

સમગ્ર દેશમાં કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટે ૨૪ માર્ચ ૨૦૨૦ના રોજ ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તબક્કાવાર તેમાં વધારો કરવામાં આવ્યો હતો. જોકે દેશની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે નિયમોને આધિન ધીરે ધીરે લોકાડાઉનમાં રાહત આપતા અનલોક જાહેર કરી રહી છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા આજ રોજ અનલોક-૪ની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત રાજયના નાગરિકોને કેટલીક મહત્વની રાહતો આપી છે.

સામાજિક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકિય સમારોહમાં ૧૦૦ વ્યક્તિઓની મર્યાદમાં એકઠા થવાની છૂટ આપવામાં આવી છે. પરંતુ તેમણે ફેસ કવર, સોશિયલ ડિસ્ટન્સિંગ, થર્મલ સ્કિનિંગ અને સેનેટાઈજરની સુવિધા સાથે પરમિશન આપવામાં આવશે. જ્યારે લગ્ન સમારોહમાં ૫૦ વ્યક્તિ અંતિમક્રિયામાં ૨૦ વ્યક્તિઓને એકઠા થવાની મર્યાદા યથાવત રાખવામાં આવી છે.

અનલોક-૪માં કઈ કઈ છૂટ

- દુકાનો- ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે
- હોટલ અને રેસ્ટોરન્ટ- એસઓપીના પાલન સાથે રાત્રે ૧૧ વાગ્યા સુધી
- શોપિંગ મોલ- એસઓપી સાથે ખુલ્લા રાખી શકાશે
- ફેરિયાઓ- એસઓપીના પાલન સાથે તેઓ વેચાણ કરી શકશે
- લાયબ્રેરી- ૬૦ ટકા કેપિસિટી સાથે શરૂ કરી શકાશે
- જીએસઆરટીસી બસ- રાજ્યના તમામ જિલ્લાઓમાં ચાલશે
- સીટી બસ- અમદાવાદ અને સુરતમાં ૫૦ ટકા મુસાફરો સાથે ચલાવી શકાશે
- પ્રાઈવેટ બસ- ૫૦ ટકા કેપિસિટી સાથે ખાનગી બસ પણ ચાલુ રહેશે
- ઓટો રિક્ષા- એક ડ્રાઈવર સાથે બે મુસાફર
- કેબ,ટેક્ષી- એક ડ્રાઈવર સાથે બે મુસાફર (સીટીંગ કેપેસિટી ૬ કરતા વધારે હોય તો ત્રણ મુસાફર)
- ટુ-વ્હીલ વાહન- બે મુસાફરો
- પ્રાઈવેટ ઓફિસ- સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ઓફિસ ચાલુ રાખી શકાશે
- પાર્ક અને જાહેર ગાર્ડન- તમામ ખુલ્લા રાખી શકાશે
- ઓપન એર થિયેટર- ૨૧-૯થી ખુલ્લા રાખી શકાશે (મૂવી થિયેટર, સ્વિમિંગપૂલ બંધ રહેશે)

ઈકો ફ્રેન્ડલી ગણેશજીનું પ્રકૃતિમય વિસર્જન

શહેરમાં ગણેશોત્સવનું ઉલ્લાસપૂર્ણ સમાપન થવા પામ્યું છે અને શહેરીજનોએ આ વર્ષે કોવિડ-૧૯ની સ્થિતિને ધ્યાનમાં રાખીને માટીની મૂર્તિના ગણેશજીની સ્થાપના કરી હતી જેને પોતાના ઘરમાં જ વિસર્જિત કરીને શ્રધ્ધા સાથે પર્યાવરણના જતનનો સંદેશ પણ પાઠવ્યો છે.

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા નિફ્ટના ડાયરેકટર નિખિલ વૈષ્ણવના ઘરે પણ માટીના ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું જેનું વિસર્જન પરીવારજનો દ્વારા એક મોટા કુંડામાં કરવામાં આવ્યું છે જેમાં હવે તુલસીનો છોડ વાવવામાં આવશે.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબરઃ L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ટેલિ.: +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦
ફેક્સઃ +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, વેબસાઇટઃ www.gspcgroup.com ઇમેઇલઃ investors.gspl@gspc.in

૨૨મી વાર્ષિક સાધારણ સભા અને ઈ-વોટીંગને લગતી માહિતીની નોટીસ

૧. વીસી/ઓએવીએમ દ્વારા કંપનીની ૨૨મી વાર્ષિક સાધારણ સભા :
આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના શેરધારકોની બાવીસમી વાર્ષિક સાધારણ સભા તા.૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરનાં ૩:૦૦ વાગ્યે કંપની કાયદો ૨૦૧૩માં લાગુ પડતી જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાત) નિયમ ૨૦૧૫ને કોર્પોરેટ બાબતોનાં મંત્રાલય દ્વારા જારી કરાયેલ (''એમસીએ પરિપત્રો'') સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તા.૫મી મે,૨૦૨૦ અને સેબીનાં પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે,૨૦૨૦ (સેબી પરિપત્ર)ની જોગવાઈનું પાલન કરીને એજીએમની નોટિસમાં નક્કી કર્યા મુજબ ખાસ અને સાધારણ કામકાજની કાર્યવાહી કરવા માટે વીડીયો કોન્ફરન્સીંગ (''વીસી'') /અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમો (''ઓએવીએમ'')ની સગવડ મારફત યોજવામાં આવશે.
એમસીએ પરિપત્રો અને સેબી પરિપત્રનું પાલન કરીને, જેમનાં ઈ-મેઈલ સરનામાં કંપનીના આર એન્ડ ટીએ / ડીપોઝીટરી પાર્ટીસીપન્ટસ સાથે નોંધાયેલા છે તેવા જ કંપનીનાં તમામ સભ્યોને મીટીંગમાં સુયોજીત થયા મુજબના સાધારણ અને વિશેષ કામકાજ હાથ ધરવા અને તેમાં જોડેલા ખુલાસાત્મક નિવેદનો નાણાંકિય વર્ષ ૩૧મી માર્ચ,૨૦૨૦ રોજ પુરા થતા કંપનીનાં ઓડીટેડ નાણાંકિય નિવેદનો (ફાયનાન્શીયલ સ્ટેટમેન્ટસ - સ્ટેન્ડઅલોન અને કોન્સોલીડેટેડ) બોર્ડ ઓફ ડીરેક્ટર્સનો રીપોર્ટ, તેના પરનો ઓડીટરનો રીપોર્ટ સહિતની નોટિસ ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ઈલેક્ટ્રોનિક મોડ મારફતે મોકલી આપેલા છે. એમસીએ પરિપત્રો અને સેબી પરિપત્ર મુજબ એજીએમની નોટિસની છાપેલી (ફીઝીકલ) નકલો મોકલવાની જરૂરિયાત રહેતી નથી.
ઉપર દર્શાવેલ દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.gspcgroup.com અને કંપનીના શેર લીસ્ટેડ થયેલ છે તે સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ જેવી કે બીએસઈ લીમીટેડ અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લીમીટેડ www.bseindia.com પર અને www.nseindia.com પર પણ પ્રાપ્ત થશે. વધુમાં એજીએમની નોટિસ, સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લીમીટેડની વેબસાઈટ www.evotingindia.com પર પણ મળી શકશે.
એજીએમની નોટિસમાં જણાવેલ તમામ દસ્તાવેજો અને ખુલાસાત્મક નિવેદનો તપાસવા માટે ઈલેક્ટ્રોનિક મોડ મારફતે, અગાઉથી વિનંતી કરવાથી, પ્રાપ્ત કરાશે. આવા દસ્તાવેજો તપાસવા માંગતા સભ્યો investors.gspl@gspc.in ને ઈ-મેઈલ મોકલી શકે છે.

૨. રીમોટ ઈ-વોટીંગ અને એજીએમ દરમ્યાન ઈ-વોટીંગની સુચના :
કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ને સમયાનુસાર સુધારેલ, કંપનીઓના (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) રુલ ૨૦૧૪નો નિયમ ૨૦ સાથે વાંચતા અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ઘટસ્ફોટ જરૂરિયાતો) નિયમન ૨૦૧૫ ના નિયમન ૪૪નું પાલન કરીને કંપની તેનાં સભ્યોને એજીએમમાં પ્રસ્તાવમા મુકાયેલ ઠરાવો પસાર કરવા માટે તેમનો મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઈલેક્ટ્રોનિક માધ્યમ (ઈ-વોટીંગ)ની સવલત આપેલ છે. સભ્યો મીટીંગ સિવાયના સ્થળેથી (રીમોટ ઈ-વોટિંગ) ઈલેક્ટ્રોનિક વોટીંગ પધ્ધતિથી પણ તેમનો મત (વોટ) આપી શકશે. ઈ-વોટીંગની સવલત પુરી પાડવા માટે કંપનીએ સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડીયા) લિમિટેડ અથવા ''સીડીએસએલ''સેવા રોકેલ છે.
આ ઉપરાંત એજીએમ વખતે પણ ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા (ઈ-વોટીંગ) કરવાની સવલત પ્રાપ્ત થશે. મીટીંગમાં ભાગ લેતાં સભ્યો કે જેઓએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપેલ નથી તેઓ તેમનો મત એજીએમ વખતે આપી શકશે.
સભ્યો કે જેઓ તેમનાં શેર્સ ડીમટેરીયલાઈઝડ મોડમાં, ફીઝીકલ મોડમાં ધરાવે છે અને જે સભ્યોએ તેમનાં ઈ-મેઈલ અડ્રેસ નોંધાવેલ / અપડેટ કરાવેલ નથી તેઓ રીમોટ ઈ-વોટીંગ/ઈ-વોટીંગ કરવાની રીત એજીએમની નોટિસમાં પુરી પાડેલ છે
સભ્યોએ મીટીંગ સુયોજીત થયા મુજબના ઠરાવો પર ઈલેક્ટ્રોનિક પધ્ધતિથી મતદાન કરવા માટેની વિગતવાર પ્રક્રિયા અને ઈ-વોટીંગ માટેના સુચના ૨૨મી વાર્ષિક સાધારણ સભાની નોટિસના ''નોંધ'' વિભાગમાં આપેલ છે.
કંપની કાયદો ૨૦૧૩ મુજબની જોગવાઈઓ અને તેના નિયમો નીચે દર્શાવેલ છે.
- ઈ-વોટીંગની પ્રારંભની તારીખ અને સમય : સોમવાર, ૨૧મી સપ્ટેમ્બર ૨૦૨૦ સવારનાં ૦૯:૦૦ (IST)થી
- ઈ-વોટીંગની અંતની તારીખ અને સમય : બુધવાર, ૨૩મી સપ્ટેમ્બર ૨૦૨૦ સાંજના ૦૫.૦૦ (IST)
- ઉપર દર્શાવેલ તારીખ અને સમય ઉપરાંત રીમોટ ઈ-વોટીંગ કરવા દેવાશે નહીં
- ઈ-વોટીંગની લાયકાત માટેની કટ-ઓફ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૦છે.
- જે વ્યક્તિનું નામ કટ ઓફ તારીખ એટલે કે ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ સભ્યોના પત્રક (રજીસ્ટર)માં અથવા લાભકર્તા માલિકના પત્રક (રજીસ્ટર)માં છે તેજ સભ્યો રીમોટ ઈ-વોટીંગ અથવા એજીએમ દરમ્યાન ઈ-વોટીંગની સવલતનો લાભ મેળવવા હકદાર રહેશે.
- મીટીંગની નોટીસ રવાના કર્યા બાદ કોઈ વ્યક્તિ સભ્ય બને તો અને કટ-ઓફ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ શેર ધરાવતા હોય તેમણે યુઝર આઈડી, પાસવર્ડ સહિતની માહિતી નોટીસના ઈ-વોટીંગની સુચનાને અનુસરવા માટે સીડીએસએલ પોર્ટલ www.evotingindia.com પર મુકાયેલ નોટીસમાંથી તેમજ helpdesk.evoting@cdslindia.comને મેઈલ મોકલીને વધુ માર્ગદર્શન મેળવવું. સભ્ય જો સીડીએસએલ સાથે ઈ-વોટીંગ માટે અગાઉથી નોંધાયેલ હોય તો રીમોટ ઈ-વોટીંગથી મત આપવા માટે તે/તેણી પોતાની હાલના યુઝર આઈડી પાસવર્ડનો ઉપયોગ કરી શકશે.
- જે સભ્યોએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપી દીધો હોય તેઓ મીટીંગમાં હાજર રહી શકશે પરંતુ બીજીવાર મત આપી શકશે નહિ.
- મીટીંગ વખતે એજીએમ દરમ્યાન ઈ-વોટીંગની સવલત અપાશે અનેમીટીંગમાં હાજર જે સભ્યોએ નોટીસમાં સુચિત કરેલા બધા કે કોઈપણ ઠરાવ પર રીમોટ ઈ-વોટીંગથી મત આપેલ નહી હોય તેઓ તેમના મત મીટીંગ વખતે આપી શકશે.
- ૨૨મી એજીએમની નોટીસ કંપનીની વેબસાઈટ www.gspcgroup.comના ''ઈન્વેસ્ટર'' વિભાગ પર અને સીડીએસએલ પોર્ટલના ઈ-વોટીંગ વિભાગ www.evotingindia.com પર પણ મળી શકશે.
- ઈલેક્ટ્રોનિક વોટીંગની સુચના માટે સભ્યોએ www.evotingindia.com પર help section પર પ્રાપ્ય ઈ-વોટીંગ મેન્યુઅલ અને Frequently Asked Questions (FAQs) જોવાં. ઈ-વોટીંગને લગતી કોઈ ફરિયાદ /પ્રશ્નો માટે આપે સભ્યો એશ્રી રાકેશ દળવી, મેનેજર , સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લીમીટેડ, ૨૫મો માળ, એ-વીંગ, મેરેથોન ફ્યુચર રેક્સ, મફતલાલ મીલ કમ્પાઉન્ડ, એન.એન. જોષી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ-ફોર્ટ-૪૦૦૦૧૩ અથવા નિયુક્ત મેઈલ આઈડી helpdesk.evoting@cdslindia.com અથવા ફોન નં. ૧૮૦૦૨૨૫૫૩૩ ઉપર સંપર્ક કરવો.

૩ ઈ-મેઈલ આઈડી અને બેન્ક મેન્ડેટ નોધાવવાની / અપડેટ કરાવવાની રીત :
➡ ઈ-મેઈલ એડ્રેસ નોંધવવાની / અપડેટ કરાવવાની રીત :
- જે સભ્યો એ તેમનાં ઈ-મેઈલ એડ્રેસ કંપની / આરએન્ડટીએ ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે નોંધાવેલ નથી તેઓએ તેમનાં નીચે જણાવેલ દસ્તાવેજો einward.ris@kfintech.comને ઈ-મેઈલથી મોકલીને અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ જેવા કે KFin Technologies Private Limited ('KFintech')ને લખવું.

➡ ફીઝીકલ મોડમાં શેર ધરાવતા શેરહોલ્ડર્સ :
એ) તમારૂ નામ, ફોલીઓ નંબર અને પુરું સરનામું દર્શાવતી તમારી સહી કરેલ એક વિનંતી પત્ર,
બી) પાન કાર્ડની સ્વ-પ્રમાણીત સ્કેન્ડ કોપી અને
સી) સભ્યના કંપની સાથે નોંધાયેલ સરનામાંના ટેકા માટે કોઈ પણ એક દસ્તાવેજ (જેવા કે આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ) ની સ્વ-પ્રમાણિત સ્કેન્ડ કોપી.

➡ ડીમેટ મોડમાં શેર ધરાવતા શેરહોલ્ડર્સ
એ) નામ અને ડીમેટ ખાતાની વિગતો (સીડીએસએલ-૧૬ અંકોની બેનીફીસીયરી આઈડી અથવા એનએસડીએલ -૧૬ અંકોનો ડીપી આઈડી +કલાયન્ટ આઈડી)
બી) કલાયન્ટ માસ્ટર અથવા કોન્સોલીડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ
સી) પાન કાર્ડની સ્વ-પ્રમાણીત સ્કેન્ડ કોપી અને
ડી) સભ્યનાં કંપની સાથે નોંધાયેલ સરનામાનાં ટેકા માટે કોઈ પણ એક દસ્તાવેજ (જેવા કે આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ) ની સ્વ-પ્રમાણિત સ્કેન્ડ કોપી.
ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસિપન્ટ સાથે તેમના ઈ-મેઈલ એડ્રેસ અપડેટ કરાવી લેવા વિનંતી.

➡ બેંક મેન્ડેન્ટસ નોંધાવવાની/ અપડેટ કરાવવાની રીત :
- જે સભ્યો ફીઝીકલ ફોર્મમાં શેર ધરાવે છે અને ઈલેક્ટ્રોનિક ક્લીયરીંગ સર્વિસ કે અન્ય કોઈ માધ્યમો (''ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટ'') મારફત ડીવીડન્ડ તેમનાં બેંક ખાતામાં સીધુ જ મેળવવા માટે તેમનો મેન્ડેટ અપડેટ કરાવેલ નથી તેઓ ઈ-મેઈલ દ્વારા einward.ris@kfintech.comને નીચે જણાવેલ વિગતો /દસ્તાવેજો મોકલીને અથવા કંપનીના રજીસ્ટાર અને શેર ટ્રાન્સફર જેવા કે KFin Technologies Private Limited ('Kfintech') લેખીતમાં મોકલીને તેમનાં બેક ખાતામાં ઈલેક્ટ્રોનિકલી સીધુ ડીવીડન્ડ મેળવવા માટે ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટની નોધણી કરાવી શકે છે.

એ) જે ખાતામાં ડીવીડન્ડ મેળવવાનું છે તે બેંકનું નામ , શાખાનું નામ અને બેંક ખાતાનો પ્રકાર
બી) કોર બેન્કીંગ સોલ્યુશન્સનાં અમલીકરણ બાદ તમારી બેંક દ્વારા ફાળવવામાં આવેલ બેંક એકાઉન્ટ નંબર
સી) ૧૧ આંકડાનો IFSC code અને
ડી) કેન્સલ કરાયેલ ચેકની સ્વપ્રમાણિત સ્કેન્ડ કોપી જેના પર સભ્યનું નામ હોય. સંયુક્ત નામનાં શેરનાં કિસ્સામાં પ્રથમ હોલ્ડરનું નામ હોય તેવા ચેકની સ્કેન્ડ કોપી.
- ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ સાથે તેમની ઈલેક્ટ્રોનિક બેંક મેન્ટેડ અપડેટ કરાવી લેવા વિનંતી.

૪ ડીવીડન્ડની રેકોર્ડ તારીખ એજીએમ વખતે જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :
આથી સુચિત કરવામાં આવે છે કે સેબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાતો) નિયમન ૨૦૧૫ના નિયમન ૪૨ને અનુસરીને કંપનીએ ૩૧મી માર્ચ ૨૦૨૦ના રોજ પુરા થતા નાણાંકિય વર્ષ માટે શેરદીઠ રૂ. ૨.૦૦ (એટલે કે ૨૦%) ડીવીડન્ડની ઉમેદવાર નક્કી કરવા માટેની રેકોર્ડ તારીખ તરીકે ગુરુવાર ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૦ નક્કી રાખેલ છે.
આગામી એજીએમમાં જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો, કંપનીનાં જે સભ્યોનાં નામ (અ) ગુરુવાર ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ કામકાજ પુરા થયા બાદ ડીપોઝીટરીએ કંપનીને આપેલ લાભકર્તા માલિકની યાદીમાં છે તેવા ઈલેક્ટ્રોનિક ફોર્મમાં શેર ધરાવતા સભ્યો અને (બ) ગુરુવાર ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ કંપનીના સભ્યોના પત્રક (રજીસ્ટર)માં છે તેઓને ગુરુવાર ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ કામકાજ પુરા થયા બાદ સુધી ફીઝીકલ ફોર્મમાં મળેલ શેર ટ્રાન્સફરની અસર અપાઈ ગયા બાદ તા. ૨૩મી ઓકટોબર ૨૦૨૦ના રોજ કે તે અગાઉ ડીવીડન્ડ ચુકવાશે.
એજીએમ વખતે ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :
૨૨મી એજીએમમાં જો શેરધારકો દ્વારા ડીવીડન્ડ મંજૂર કરવામાં આવે તો જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરેલ છે તેઓને ઈલેક્ટ્રોનિક મોડ મારફતે ચુકવાશે. જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરાવેલ નથી. તેઓને તેમના રજીસ્ટર્ડ સરનામે ડીવીડન્ડ વોરંટ/ડીમાંડ ડ્રાફ્ટ પોસ્ટલ સેવાઓ સામાન્ય થયા બાદ મોકલાશે.
ડીવીડન્ડ મેળવવામાં મોડું થતું અટકાવવાં માટે અને ચુકવણીની તારીખે જ પોતાનાં બેંક ખાતામાં મેળવવા માટે, ઉપરાનાં ફકરા ૩માં દર્શાવેલ પ્રક્રિયા અનુસરીને પોતાની બેંકની માહિતી અપડેટ કરવા શેરધારકોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી
સહી
રાજેશ્વરી શર્મા
કંપની સેક્રેટરી અને કોમ્પલાયન્સ ઓફિસર

તારીખ : ૦૧/૦૯/૨૦૨૦
સ્થળ : ગાંધીનગર